# NATIONAL STUDENTS' UNION OF INDIA

National Secretariat: 5, Raisina Road, New Delhi-110001, Tel. : 011-23358686

Smt. Sonia Gandhi, Chairperson, Central Advisory Committee, Neeraj Kundan, National President NSUI

**BHAVIK SOLANKI**
**National Coordinator**

## પ્રેસનોટ

તા. ૧૨-૦૫-૨૦૨૩

- **ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના અણઘડ વહીવટને કારણે વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે થઈ રહ્યાં છે ચેડાં.**
- **ઈજનેરી સહિતના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ ભોગવી રહ્યાં છે પારાવાર હાલાકીઃ ભાવિક સોલંકી**

મે મહિનાનો સુર્ય આગ ઓકી રહ્યો છે ત્યારે હાલમાં સમગ્ર રાજ્યમાં શાળા તેમજ કોલેજોમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ કોમન એકેડેમીક કેલેન્ડર મુજબ રાજ્યની તમામ શાળા અને કોલેજોમાં ૧લી મે ૨૦૨૩ થી ઉનાળુ વેકેશન શરૂ થયેલ છે. ઉનાળાના આ ધોમધખતા તાપને કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકોના વ્યાપક હિતોને ધ્યાનમાં લઈ વેકેશન આપવામાં આવે છે. પરંતુ તેનાથી વિપરીત રાજ્યની ડિગ્રી અને ડિપ્લોમા ઇજનેરી કોલેજો કે જે જીટીયુ સાથે સંલગ્ન છે તેમાં તમામ સેમેસ્ટરનું શૈક્ષણિક કાર્ય ચાલુ છે, જેના લીધે હજારો વિદ્યાર્થીઓની હાલાકી અંગે રાજ્ય સરકારનું ધ્યાન દોરતા એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રિય સંયોજકશ્રી ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, જીટીયુ દ્વારા સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર-૬ માટે બેકી સત્ર શરૂ તેમજ પૂર્ણ થવાની તારીખ અલગ અલગ રાખવામાં આવી છે. આ સંજોગોમાં શૈક્ષણિક સત્ર ચાલુ હોઇ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આવા ધોમધખતા તાપમાં જ્યારે ઓરેન્જ એલર્ટ જાહેર થયું હોય ત્યારે પણ શૈક્ષણિક કાર્ય અર્થે સંસ્થાઓમાં જવા માટે મજબૂર થઈ ગયા છે. જીટીયુના સત્તાધીશોના અણઘડ વહીવટના પરિણામે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. કોમન એકેડેમીક કેલેન્ડર મુજબ જો તમામ સત્ર એક સાથે શરૂ તેમજ પૂર્ણ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વેકેશન મળી રહે. આમ થવાથી ઘણી વહીવટી સમસ્યાઓથી પણ નિવારી શકાય. પરંતુ જીટીયુના સત્તાધીશોના અવ્યવહારુ અભિગમના કારણે દરેક સેમેસ્ટર અલગ અલગ સમયે શરૂ થાય અને તે મુજબ અલગ અલગ સમયે પૂરુ થાય છે જેના પરિણામે હાલમાં ચાલી રહેલ ઉનાળુ વેકેશનમાં પણ ડિગ્રી અને ડિપ્લોમા ઇજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ના છૂટકે સંસ્થા ખાતે જવું પડે છે. શૈક્ષણિક સત્ર એક સાથે શરૂ તેમજ પૂરું કરવા બાબતે ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ અધ્યાપક મંડળ દ્વારા જીટીયુના સત્તાધીશોને રજૂઆત પણ કરવામાં આવી છે તેમ છતાં જીટીયુના સત્તાધીશો આ બાબતને ધ્યાનમાં લીધા વગર જ એકેડમી કેલેન્ડર જાહેર કરતા હોય છે અને જેનો ભોગ વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને બનવું પડતું હોય છે.

ઈજનેરી કોલેજોમાં સેમેસ્ટર-૮ માટે પરીક્ષાની તારીખ હજી સુધી જાહેર થઈ નથી. સેમેસ્ટર-૮ની પરીક્ષા મોડી થાય એવા સંજોગોમાં વિદ્યાર્થીઓનું પરિણામ પણ મોડું જાહેર થાય અને તેથી રાજ્યના હજારો વિદ્યાર્થીઓને નોકરીમાં જોડાવામાં વિલંબ થાય. આવા વિલંબને કારણે જેઓને કેમ્પસ પ્લેસમેંટ દ્વારા નોકરી મળી ગઈ છે તેવા વિદ્યાર્થીઓને થતા આર્થિક નુકસાન માટે જવાબદાર પણ જીટીયુના અણઘડ વહીવટને જ ગણાવી શકાય. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને હજુ પણ જોબ લેવાની બાકી હોય તેઓને અન્ય યુનિવર્સિટી ના વિધાર્થીઓની સાપેક્ષમાં રોજગારીની ઓછી તક સાંપડવા સંભવ છે. ઉચ્ચ અભ્યાસ અર્થે જનાર વિધાર્થીઓએને પણ સારી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા બાબતે મુશ્કેલી ઊભી થઈ શકે તેમ છે.

BRSolanki

ભાવિક સોલંકી

રાષ્ટ્રીય સંયોજક, NSUI.